સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પ્રજાને રગેથી દોહીને બેન્કો, કાયી ખાઈ જશે!
શોષણથી કરેલી કમાઈ માલ્યાને પાઈ દેશે!
નથી નાણાની સુરક્ષા, મળે ના સુવિધા સરળ -
રાજકીય મીલી-ભગતે બેન્કો ભાવિ 'ભાઈ' થશે...

હાઈકુ

બેન્કે પ્રવેશ્યા ?
બેઠા, એસી, સોફામાં -
- તો ભરો ચાર્જ...

બેન્ક સ્ટાફની,
સહો ધાક-ધમકી,
- ચાર્જ - વગર...

ચિંતન

સ્વમેવ દુ:ખદિગચ્છતિ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્ય જાતે જ દુ:ખોને નોતરું આપે છે.

દુ:ખોનો જનક મનુષ્ય સ્વયં છે. પ્રમાદી, આળસુ, પરિશ્રમથી ભાગનારો મનુષ્ય પોતાની જાતે જ પોતાના શિરે આપત્તિઓનાં પોટલાં લાદે છે.

સુખ-દુ:ખ, ટાઢ-ટાપ, રોગ-પીડા બધું મનને જ થાય છે જો તમે મન ને મજબૂત બનાવો મન પર કાબૂ રાખો તો ટાઢ પડે જ નહીં, પીડા થાય જ નહીં.

બાકી, સ્વભાવથી જ મને આમ થાય છે, તેમ થાય છે અહીં દુ:ખે છે, મને આ ન ફાવે સદે નહીં જેવા દુ:ખ સ્વભાવથી માણસ જાતે જ દુ:ખી થાય છે.

સુવિચાર

- માત્ર સાક્ષરતા પૂરતી નથી, વૈજ્ઞાનિક સાક્ષરતા જરૂરી છે - **ડો. કિશોર દવે**
- વહેલા કે મોડા, દરેક વ્યક્તિ પોતાની લાયકાત પ્રમાણે ચમકે છે - **ફાધર વાલેસ**
- 'દશા' ને જો એ જ દશામાં રહેવા દેશો તો એ કેવી રીતે સુધરી શકવાની હતી - **એમર્સન**
- તકલીફ વગર ફાયદો મેળવવા જાય છે, એને ફાયદો મળ્યા પછી તકલીફ થાય છે - **સંત ફ્રાન્સિસ**
- પરમેશ્વરની અર્ચના જુદી જુદી રીતે કરે છે એટલે જુદા જુદા ધર્મો થયા છે - **શ્રી માતાજી**
- જે વેદના ને દૂર કરે છે તેને વેદ કહે છે, ભેદ ને દૂર કરે તેને વેદ કહે છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : બાળખ ઊંઘતું ન હોય તો, માતાના ધાવણના બે ટીપાં નાકમાં નાખવામાં આવે તો બાળક તરત ઊંઘી જાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

લાલબહાદુર શાસ્ત્રી યુવાન હતા ત્યારે એક પ્રણ લીધું કે ક્રોધ કદી ન કરવો. થોડા વર્ષો બાદ ઉત્તરપ્રદેશ સરકારમાં જયારે તેઓ સંસદ સચિવ હતા ત્યારે અલ્હાબાદ રહેવે સ્ટેશનથી હાઈકોર્ટ રોડ તરફ કયાંક જવા માટે એમણે ઘોડાગાડી કરી.

ઘોડાગાડી વાળો અજાણ્યા શાસ્ત્રીને શહેરમાં ચકરાવો મારીને નિયત સ્થળે ઉતારીને બે રૂપિયા ભાડું માંગ્યું. આમ કરવામાં ઘણું મોડું પણ થઈ ગયું અને પોતે છેતરાયા એવું લાગતાં તેમનો ક્રોધ નીકળી આવ્યો. ક્રોધ નહીં કરવાનું પ્રણ લીધું હોવા છતાં શાસ્ત્રીજી ખૂબ ગુસ્સે થઈ ગયા. મોટા અવાજે પેલા ઘોડાગાડી વાળાને ખૂબ ખખડાવ્યો. વળી એક રૂપિયાનું ભાડુંની જગ્યાએ બે રૂપિયા ભાડું પણ આપવાનું થયું.

પણ ગુસ્સે થયાની બે જ મિનિટમાં શાસ્ત્રીજીને અહેસાસ થયો કે ક્રોધ ન હોતો કરવાનો. તરત જ ઘોડાવાળાની માફી માંગી કહ્યું, 'ભાઈ, મને માફ કર, મારાથી ગુસ્સામાં ગમે તેમ બોલાઈ ગયું, પણ તુ મનમાં ઓછું ન આણતો, તેં મને છેતર્યો એ તારો ગુનો કહેવાય, પણ હું તારા ઉપર ક્રોધ ભરાયો એ મારો પણ ગુનો જ કહેવાય ને ?'

આટલું બોધી શાસ્ત્રીજીએ ઘોડાગાડીવાળાને ભાડાના ત્રણ રૂપિયા ચૂકવ્યા અને કહ્યું, 'મેં તારા દિલને દુભાવ્યું છે, આ તો મારા પશ્ચાતાપનો પુરસ્કાર છે માત્ર.' આટલું બોલી શાસ્ત્રીજી ત્યાંથી નીકળી ગયા.

ટ્રમ્પને થૂંકેલું ચાટવું પડે છે

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોલાન્ડ ટ્રમ્પનું ચૂંટણી જીતવા માટેનું 'ટ્રમ્પ કાર્ડ' હતું બાય અમેરિકન, હાયર અમેરિકન. આ એમનો પ્રખર રાષ્ટ્રવાદ હતો જેથી પ્રેરાઈ અમેરિકન યુવા વર્ગ એમના જેવા વયોવૃદ્ધ ઉદ્યોગપતિને દુનિયાના જમાદાર ગણાતા સર્વોચ્ચ રાજકીય નેતા તરીકે ચૂંટણી કાઢવા પ્રેરાયો હતો. ટ્રમ્પ પાસે આ અગાઉ કોઈ રાજકીય જવાબદારી સંભાળી હોવાનો નામનો પણ અનુભવ ન હતો. એમના ઘણા બધા વિચારો રૂઢિચુસ્ત હતા તો કે વળી કેટલીક બાબતોમાં તે જંગલી કહી શકાય તે હદે વલ્ગર હતા. તેમ છતાં તેઓ સુસંસ્કૃત અને શિષ્ટ-પ્રસિષ્ઠ ગણાતાં હિલેરી ક્લિન્ટનને માત આપી ચમત્કાર સરજી શક્યા હતા. ક્લિન્ટનની લોકપ્રિયતા સામે ટ્રમ્પ તો અમેરિકાના અળખામણા અને કડવા બોલા બિઝનેશમેન હતા. વળી એમને પોતાની અઢળક સંપત્તિ ભેગી કરવા માટે ઘણા નૈતિક રસ્તા અપનાવ્યા હોવાનું પણ સુવિદિત હતું. તેમ છતાં 'અમેરિકા ફર્સ્ટ' ની એમની મોદી બ્રાન્ડ ઈન્ડિયા ફર્સ્ટના અનુકરણ સમી ફૂટનીતિએ અમેરિકનોને આકર્ષ્યા હતા. તે વખતે એમને અમેરિકામાંથી બહાર ઢસડાઈ રહેલ પ્રચંડ ડૉલરિયો પ્રવાહ અટકાવવા 'મેક ઈન અમેરિકા' નીતિનો પણ અમલ કરવાનું વચન આપ્યું હતું. આ ડોલરિયા પ્રવાહને રોકવા માટે 'આઉટ સોર્સિંગ' પર પ્રતિબંધ મૂકવો જરૂરી હતો તેમ વિદેશથી અમેરિકામાં રોજી રોટી માટે ધસી આવતાં ધાડાંને અટકાવવા પણ જરૂરી હતા. આથી સ્ટુડન્ટ વિઝા પર ઉચ્ચ અભ્યાસના બહાને અમેરિકા આવી જઈ નોકરી મેળવી લેનારા સંખ્યાબંધ પરદેશી યુવકયુવતીઓને 'રુક જાવ' કહેવાનો ટ્રમ્પનો સંકલ્પ મૂળે તો સંકુચિત રાષ્ટ્રવાદમાંથી જ જન્મ્યો હતો, પરંતુ એની અમલીકરણ અઘરું હતું. રાષ્ટ્રપ્રમુખ ઍચ-વન-બી વિઝા પર નિયંત્રણ લાદવાના કરેલ નિર્ણય સામે સૅનેટરો અને ઉદ્યોગપતિઓએ વિરોધ કરતા એ નિર્ણય બદલવો પડ્યો છે. આથી ભારતના સાડા સાત લાખ આઈટી એન્જીનીયરોના માથે તોળાઈ રહેલ ખતરો હાલ પૂરતો ટળ્યો છે.

તંત્રીસ્થાનેથી...

ટ્રમ્પ સરકારે જાહેરાત કરી છે કે તે અમેરિકાની પ્રસ્થાપિત ઍચ-વન-બી ઍક્સેટેન્શન પૉલિસીમાં કોઈ જ ફેરફાર કરનાર નથી. અગાઉ કરાયેલ જાહેરાતમાં ફેરવી તોળવું પડ્યું છે તે ટ્રમ્પ સરકારની મોટી મજબૂરી છે. યુ.એસ. સિટિઝનશિપ ઍન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ દ્વારા કરાયેલ નવી જાહેરાતના પગલે ઊંચા શ્વાસે કામ કરતા અને ગમે તે ઘડીએ વતન પાછા ફરવાની તૈયારી કરતા ભારતીયોને રાહત મળી છે પણ તે કેટલી લાંબી ચાલશે તે કહી શકાય નહીં. ટ્રમ્પે ચૂંટણી પ્રચાર દરમિયાન આપેલાં વચન પૂરાં નહીં થતાં એમને દેશની ગોરી પ્રજાને આપેલ વચન પાળવાં ઊણા ઊતરેલા લાગશે અને ખુદ પોતાના જ સમર્થક મતદાર સમુદાયના આક્રોશનો ભોગ બનશે. બીજી તરફ અમેરિકાની કઠોર વાસ્તવિકતા એ છે કે એની પાસે પોતાના ઉદ્યોગ ધંધા ચલાવવા જરૂરી મૅનફોર્સ નથી. અમેરિકન ઈકોનોમીને ટકાવી રાખવા ચીન, ભારત અને એશિયા-આફ્રિકાના માનવબળની જરૂર છે. સામા પક્ષે વિકાસશીલ દેશો અને અલ્પ વિકસિત પ્રદેશોના આવા ટેકનોક્રેટ્સને પોતાના દેશમાં રોજગારની તકો ઘણી ઓછી છે અથવા વતનમાં રહીને એમની લાયકાત મુજબનું મહેનતાણું એ મેળવી શકે એમ નથી. આથી વરસોવરસ હજારોની સંખ્યામાં ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રનું બુદ્ધિધન લેન્ડ ઑફ ઓપચ્યુર્નિટી ગણાતા અમેરિકા તરફ આંધળી દોટ મૂકતું રહે છે. ભારતમાં વસતા એમના મધ્યમવર્ગ કે નીચલા આવક જૂથમાં સમાવાયેલ પરિવારોને પણ આવા મેધાવી સંતાનોને કારણે ઘણી મોટી રાહત રહે છે. કાળક્રમે એ બધા ગ્રીનકાર્ડ હોલ્ડર બની અમેરિકન સિટિઝનશિપ મેળવી લે છે અને આખાં ને આખાં ગામ આ રીતે અમેરિકામાં ઠલવાતા રહે છે. ટ્રમ્પની નજરમાં અમેરિકા આવીને અમેરિકનોની તકો છીનવી લેતા આવા પરદેશીઓની લખલૂટ કમાણીનો મુદ્દો આવી ગયેલો, જે ચૂંટણી ટાણે એમના માટે હુકમનો એક્કો બની ગયો હતો. જો કે હવે એમને અમેરિકાના ધંધારોજગાર બચાવવા આવા 'વિદેશી મજૂરો' ની અનિવાર્યતાનો અહેસાસ થઈ ગયો લાગે છે!

ઉત્તરાયણનો પૌષ્ટિક નાશ્તો

આ રવિવારે ઉતરાયણ. માર્કેટમાં પતંગ-દોરીની સાથે સાથે ઉત્તરાયણના નાશ્તાઓના ઢગ ખડકાઇ ગયા છે. શેરડી, તલ-શિંગ-દાળીયાની ચિક્કી, મમરાના લાડું, આદિનો સ્ટોક થવા લાગ્યો છે. આમાના મુખ્ય એટલેકે શેરડી, ગોળ, અને તલ વિષે થોડું વધું વિગતે જાણીએ.

સૌથી પહેલા શેરડી... આયુર્વેદમાં તૃણપંચમૂળમાં (ઘાસયુક્ત પંચમૂળ) સ્થાન પામેલી શેરડીનું સંસ્કૃત નામ 'ઇક્ષુ' છે. ખાંડ તથા ગોળની જનનિ એવી શેરડી શર્કરાનો બફર સ્ટોક છે. મૂળમાં અતિ મધુર અને ઉપરના ભાગે (આગળામાં) ઓછે મધુર એવી શેરડી પ્રકૃતિમાં ઠંડી, સ્નિગ્ધ, પિત્તનું શમન કરનાર, મૂત્રલ, મેદવૃધ્ધિ કરનાર, તૃષા શમાવનાર, અને કફ વધારનાર છે. તરસ્યાને શેરડીનો રસ સાક્ષાત અમૃત સમાન લાગે છે. આયુર્વેદમાં વમન કરાવવામાં (પંચકર્મની એક પ્રોસેસ જેમા વ્યક્તિને ઉલ્ટી કરાવીને કફ બહાર કઢાવે છે) પ્રાયઃ શેરડીનો રસ પ્રચૂર માત્રામાં પીવડાવી પછી વમન કરાવવામાં આવે છે. આ ઉપરાંત રક્તપિત્ત, ઉદરરોગ, નસકોરી ફૂટવી, મૂત્રવેગ વધારવા માટે, પાંડુરોગ-એનિમીયામાં, તેમજ વાજીકરણ અર્થે (જાતીય રોગોમાં) પણ શેરડીની અસરકારકતા આયુર્વેદમાં વર્ણીત છે. કફ પ્રકૃતિવાળી વ્યક્તિ અતિમાત્રામાં શેરડી ખાય તો તેને કફ વધી શકે છે.

શેરડીની જ એક નવી ભાવના એટલે ગોળ. આયુર્વેદમાં જુના ગોળને ઉત્તમ માન્યો છે. નવો ગોળ કફ-શ્વાસ-શરદી-કૃમિ કરનાર છે જ્યારે જુનો ગોળ પચવામાં સરળ, ભૂખ લગાડનાર, પિત્તને ઓછું કરનાર છે. કફનાં રોગોમાં જુના ગોળને આદું સાથે, પિત્તનાં રોગોમાં જુના ગોળને હરડે સાથે, અને વાયુનાં રોગોમાં જુના ગોળને સૂંઠ સાથે લેવાથી તાત્કાલિક ફાયદો થાય છે તેવું આયુર્વેદમાં વિધાન છે. (અનુભવે સિધ્ધ છે). જો કે અત્યારની પરિસ્થિતિ અલગ છે. તૈયાર ચિક્કી અને મમરાના લાડુંમાં ક્યો અને કેવો ગોળ વપરાયો હશે તે તો ભગવાન જાણે. અત્યારના ગોળ પણ દવા વાળા આવે છે એટલે તેની અસરકારકતા કેટલી એ પ્રશ્નાર્થ છે. જો કે શોધતા ભગવાન પણ મળે છે તો જુના દેસી ગોળ તો શું ચીજ છે! (અત્યારના ટાઈમે એકાદ આંટો ગામડે લગાવી આવો.. ક્યાક ગોળના 'ભરડા'ચાલતા જ હશે, ત્યાં થી તાજો દેશી ગોળ લઇ લો અને એકાદ વર્ષ સુધી સંઘરી રાખો. આવતા વર્ષે જુના દેશી ગોળના ફાયદાઓ માણો...)

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

ગોળ પછી વાત કરીએ તલની.. તલને આયુર્વેદમાં પરમ બલદાયક કહ્યુ છે. તલનું તેલ માલીશ કરવા માટે શ્રેષ્ઠ છે. તે વાયુના રોગોને હણે છે. જાતીય રોગોમાં કાળા તલને ચાવવાથી ખૂબ ફાયદો થાય છે. ત્વચા માટે, અને કેશ માટે ઉત્તમ એવા તલ કફ અને પિત્તને વધારનાર છે. આયુર્વેદમાં તલ અને તલની ભાવનાઓનો અનેક રોગોમાં ઉપયોગ છે. વાયુને લગતા રોગો, વાળના અને ચામડીના રોગો, આંખના રોગો, હરસમાં અને રસાયણ-વાજીકરણ અર્થે તલ ઉત્તમ ઔષધિની ગરજ સારે છે.

જે ચીજોના હેલ્થ બેનિફિટ્સ આપણને ખબર હોય તેને ખાવામાં ઓર મજા આવે છે. આ ઉપરાંત આ ચીજો કેટલી ખાવે તેનું વિવેક ભાન પણ રહે છે. તો બસ... ખાઈએ પીએ અને આનંદ કરીએ. ઉત્તરાયણની આગોતરી શુભેચ્છાઓ....

- contact@atharvaayu.com

ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૯મા અધિવેશનની આડીતેડી વાતો

મણકો-૨

આમ તો ચોવીસમી તારીખની સવારની બીજી બેઠક સાહિત્ય સ્વરૂપ નાટકની હતી. અને ત્રીજી બેઠક બપોર પછીની ત્રીજી બેઠક શાર્ધ શતાબ્દીવંદનાઃ કાંતની બપોર પછી હતી. પણ ગમેતે કારણોસર તેમાં અદલાબદલી થઈ ગઈ. કાંત અંગેની બેઠક સવારમાં યોજાઈ. સવારના ખુશનુમા વાતાવરણમાં કાંતના ગધ્ય, પધ્ય અને જીવનની માહિતીથી શ્રોતાઓ તરબતર થઈ ગયા.બેઠકના અધ્યક્ષ હતા શ્રી સતીષ વ્યાસ અને સંચાલક હતા પરબના સંપાદક શ્રી યોગેશ જોષી. શ્રી પ્રફુલ્લ રાવલ અને શ્રી રાજેશ પંડ્યા બે વક્તાઓ હતા.શ્રી યોગેશ જોષીએ કાંતની સર્જનકાર્યની ભૂમિકા બાંધી આપી. શ્રી કાંતને ૧૫૦ વર્ષ પછી પણ આપણે યાદ કરવા પડે છેતેનું કારણ શું છે ? તેમની કવિતામાં દર્શન આવે છે. ખંડકાવ્યો અને ઊર્મિકાવ્યો બધામાં દર્શન આવે છે.શ્રી યોગેશભાઈએ ઉમાશંકર જોશીનું ઉદાહરણ ટાંક્યું. યજ્ઞેશના એક મિત્ર સાથે યોગેશભાઈને શ્રી ઉમાશંકરભાઈને ઘેર જવાનું થયેલું. પેલા વિદેશી મિત્રને અંગ્રેજી કે હિન્દી બિલકુલ આવડે નહીં. કાંત વિશે વાત નીકળતાં ઉમાશંકરે '' સાગર અને શશી''ની શરૂઆતની પંક્તિઓનું પઠન કર્યું. પઠન પૂરું થતાં જ વિદેશી મિત્રે પૂછ્યું '' આ કાવ્યમાં સમુદ્ર વિશેની કોઇ વાત છે ?'' પછી યોગેશભાઈ કહે છે ગુજરાતી બિલકુલ નહીં જાણનાર ને ય ખબર પડે છે કે આમાં સમુદ્ર વિશેની કશીક વાત છે. આવો જાદુ છે કાંતના છંદોલયનો, આમાં ઉમાશંકરના પઠનનો જાદુ પણ ખરો. પછી સતીશભાઈના વ્યક્તવ્યનો જાદુ શરૂ થયો.તેમના જણાવ્યા મુજબ નર્મદ-દલપત પછી પંડિતયુગ શરૂ થયો. આ યુગના યુવાનો બહુ વાંચતા. અંગ્રેજી વાચતા એટલું જ નહીં લખી પણ શકતા. નરસિંહરાવના ''યાત્રા'' અને ગોવર્ધનરામની ''સરસ્વતીચન્દ્ર''ની પ્રસ્તાવના અંગ્રેજીમાં લખાયેલી છે. શ્રી કાંત એક બાજુ પંડિત યુગના પ્રતિનિધિ છે; બીજી બાજુ તેઓ ભાવસિંહજી ગોહિલ અને કલાપીના મિત્ર છે.

શ્રી રાજેશ પંડ્યા આવી શક્યા નહતા. તેમનું વ્યક્તવ્ય સેજલબેને વાંચ્યું હતું.'' કાંતની કવિતા'' વિષે તેમણે ખુબ અભ્યાસ કરીને વિગતો એકઠી કરી હતી. ઉપહાર, ભણકારા, ઉદગાર, વત્સલના નયનો કાવ્યોની વિશિષ્ટતાઓ(છંદ, પ્રાસ, આકાર) તેમણે બતાવી આપી.પ્રાચીન કાવ્યોમાંથી કાંતે અધ્યતન કાવ્યો નિપજાવ્યા છે. દસ ગઝલો લખી. ગઝલની શરૂઆત કરી. છંદમાં ક્યાંય છૂટ લેતા નથી. શ્રી રાજેશભાઈના કંઠે આ લેખન સાંભળવા મળ્યું હોત તો સભાને ચાર ચાંદ લાગી જાત.

સંચાલન દરમ્યાન યોગેશભાઈએ તેઓ ભણતા હતા તે સમયની યાદ દેવરાવી. તેમના ગુજરાતીના શિક્ષક અસલ ઉત્તર ગુજરાતી બોલીના ઉચ્ચારો અને લહેકામાં કવિ કલાપીની કવિતા કેવી રીતે વાંચતા હતા તે પ્રત્યક્ષ કરાવ્યું. શ્રોતાઓએ તે સાંભળીને તાળીઓનો જાણે કે વરસાદ વરસાવી દીધો. તેમણે કહ્યું કે પંખીલોક કવિતા જે રીતે ઉમાશંકર વાંચતા હતા તે રીતે કોઇ વાંચી શકે ખરું ? પંખીલોક કાવ્યમાં પક્ષીઓના અવાજો લખ્યા છે તે પણ યાદ કરાવ્યા.

મણિશંકરના કાવ્યો વિશે રાજેશભાઈનો લેખ સેજલબેને વાંચ્યો. સતીશભાઈને તેમના ગધ્ય અંગે બોલવાનું હતું છતાં તેમણે કવિ કાંતની એટલી બધી કાવ્યપંક્તિઓ મોઢે કહી (મને તો કોઇ કવિતાની કડીઓ યાદ રહેતી નથી.) તમના લેખમાં કહ્યા મુજબ . કાંતનું અંતરંગ તો ઉતર્યું છે કવિતામાં, પણ એમનું બહિર્રંગ પ્રગટ્યું છે ગધ્યમાં. ભાવસિંહજી સાથેની મૈત્રીએ એમની પાસે નાટકો પણ લખાવ્યાં છે. ઘણીવાર એવું બનતું કે ડાહ્યાલાલ કવિ પગવાજા પર તરજ બનાવે અને કાંત એનું ગીત લખી દે. કાંતે પાંચ નાટકો લખ્યાં છે, સલીમશાહ અને અશ્રુમતી, રોમન સ્વરાજ્ય, જાલિમ ટુલિયા, ગુરુ ગોવિંદસિંહ, અને દુખી સંસાર. અત્યારે પદમાવતી ફિલ્મનો આટલો બધો વિરોધ થાય છે પણ સલીમશાહ અને અશ્રુમતીમાં તો રાણા પ્રતાપની પુત્રી અને અકબરના પુત્રના પ્રણયને આલેખવામાં આવ્યો છે. રોમન સ્વરાજમાં આવી રહેલા સ્વરાજનો પૂર્વસંકેત આપવામાં આવ્યો છે. ગુરુ ગોવિંદસિંહ નાટકમાં હિંદુ-મુસ્લીમ એકતાના વિષયને ઉપસાવવામાં આવ્યો છે. શ્રી કાંતે લખેલો શિક્ષણનો ઈતિહાસ બહું મુલ્યવાન પુસ્તક છે. નવસો પાનામાં બધી ઈતિહાસની ઘટનાઓ અને શિક્ષણશાસ્ત્રીઓના વિચારોને સમાવી લેવાયા છે. સિધ્ધાંતસારનું અવલોકન પણ એમનું અગત્યનું પુસ્તક છે. પ્રેસિડેંટ લિંકનનું ચરિત્ર પણ બહુ સરસ પુસ્તક છે. એમણે ગીતાંજલિનો અનુવાદ કર્યો છે. તેની પ્રથમ આવૃતિમાં ''મહારાણી નંદકુંવરબાની આજ્ઞાથી '' એવા શબ્દો લખવામાં આવેલા છે. તે સમયે આ પુસ્તક ખુબ વેચાયું હતું. ૧૯૪૯માં સસ્તુ સાહિત્યે તેની ખિસ્સાપોથી બહાર પાડી તેની પણ ત્રણ હજાર નકલો છાપી હતી. જે તેની લોકપ્રિયતા દર્શાવે છે.કાંતે ટાગોરના ૧૦૮ કાવ્યોનો અનુવાદ કર્યો છે.એમાં ટાગોરની કવિતાની ગરિમા પણ છે અને કાંતની ગધ્યછટાઓની રમણીયતા પણ છે. એના બે નમૂના જુવો.

મનના ઉમંગો
રણછોડ પરમાર

(૧) ' વરસાદવાળા જુલાઈની ઊંડી છાયામાં ગુપ્ત પગલે તું ચાલે છે, રાતના સરખો તું નિઃશબ્દ છે અને કોઇપણ ચોકીદાર તને જોઇ શકતો નથી.પુકાર કરતા પૂર્વના પવનના આગ્રહી આવાગહનોની દરકાર ન કરતા આજે પ્રભાતે પોતાની આંખો બંધ રાખી છે અને સદા જાગ્રત આસમાની આકાશ ઉપર ઘાટો પડદો ફેલાય છે. કુંજોના ગીતો શમી ગયા છે અને દરેક ઘરનાં બધાં દ્વાર બંધ છે.આ નિર્જન ગલીમાં એકલો તું પ્રવાસી છે. ઓ મારા એકના એક મિત્ર ! મારા પ્રિયતમ ! મારા ઘરના દરવાજા ખુલ્લા છે. એક સ્વપ્નની આફક તું પસાર ન થઈ જતો.'

(ગીતાંજલિ કાવ્ય-૨૨)

(૨) ' આ ભજન અને ગાયન અને માળા ફેરવવાનું તું છોડી દે. બધાં દ્વાર બંધ કરીને દેવાલયના આ એકાંત અંધારા ખૂણામાં તું કોની ઉપાસના કરે છે ? તારી આંખો ઉઘાડ અને જો કે તારો ઈશ્વર તારી સન્મુખ નથી ! તે તો ત્યાં જ્યાં ખેડૂત કઠોર ભૂમિ ખેડે છે અને જ્યાં રસ્તો બનાવનાર પથ્થરો ભાંગે છે. તે તડકામાં અને વરસાદમાં તેમની સાથે છે અને તેમનાં કપડાં ધૂળથી આચ્છાદિત છે.તારો પવિત્ર ઝભ્ભો ઉતારી નખ અને તેની માફક ધૂળવાઅળા રસ્તા પર આવ.'

(ગીતાંજલિ કાવ્ય-૧૧)

પ્રફુલભાઈ રાવલને '' મધ્યાહ્ને આથમેલો સૂરજ'' વિષય સોંપવામાં આવ્યો હતો. જેને તેમણે બહુ સરસ ન્યાય આપ્યો. કાંતને એક પછી એક

અનુસંધાન પાના નં. ૭ પર

જરૂરી નથી કે બધું તોડવા માટે પથ્થર જ જોઈએ... સૂર બદલીને બોલવાથી પણ ઘણું બધું તૂટી જાય છે

સુશીલો માતૃપુણ્યેન, પિતૃ પુણ્યેન ચાતુરઃ ।
ઔદાર્ય વંશપુણ્યેન આત્મપુણ્યેન ભાગ્યવાન ॥

અર્થાત્ કોઈ પણ મનુષ્ય પોતાના માતાના પુણ્યથી સુશીલ હોય છે, પિતાના પુણ્યથી ચતુર હોય છે, વંશના પુણ્યથી ઉદાર હોય છે અને પોતાના ખુદના પુણ્ય થકી તે ભાગ્યવાન હોય છે. તાત્પર્ય એ જ કે ભાગ્ય પ્રાપ્તિ માટે સત્કર્મ અતિ આવશ્યક છે.

●●●

'એક જ મકાનમાં નીચે મા-બાપ ને ઉપરના માળે દીકરો રહે છતાં મા-બાપને બહારથી ટીફીન મંગાવી સવારનું સાંજે જમવું પડે!! આ કેવો કળજુગ આવ્યો.' આટલું કહેતા કહેતાં એક બહેન રીતસર રડી પડ્યા. પોતાના નિકટના સગાની આ દયનીય હાલત નિહાળ્યા પછી આ બહેને સાચે જ બીમાર પડી ગયા. જે 'ગોદ'માં લાલનપાલન થયું તે જ 'દગો' દેનારાં કપૂત સંતાનો...

અરે ! હમણાં જ એક પ્રોફેસર દીકરાએ પોતાની જનેતાને ચોથા માળેથી નીચે હડસેલી મોતને ઘાટ ઉતારી... 'આવા નરપિશાચને શું કહેવું ?! મા-બાપના વારા કાઢનારા... ભાગ પાડનારા... હડધૂદ કરનારા... તિરસ્કૃત કરનારા કપૂતોની ફોજ ઉત્તરોત્તર વધતી જાય છે.'

સમાજમાં વકરતી જતી સંવેદન શૂન્યતાને લાગણીના સાવ કોરાં પરિમાણો ચિંતા અને ચિંતનનો વિષય છે.

સાચે જ રા.વિ. પાઠકની વાર્તાનો નાયક 'મુકુંદ રાય' સમાજમાં નવારુપે ને નવારંગે સર્વત્ર વિલસતો જોવા મળે છે.

દોસ્તો, જીવતરને રળિયાત કરનારી સમજણને શાણપણની સાચી વાત નજરે પડી. જે 'ગમતાંનો કરીએ ગુલાલ' એ ન્યાયે અહીં વહેંચું છું!!!

એક પરિવારમાં પતિ, પત્ની અને તેના બે સંતાનો એમ બધા મળીને કુલ ચાર સભ્યો હતા.

એક દિવસ સાંજે જમ્યા પછી પતિ-પત્ની મકાનની છત પર બેસીને વાતો કરી રહ્યા હતા. પતિએ કહ્યું, 'ગઈકાલે બાનો મારો મોબાઈલ પર કોલ આવેલો, બા બહુ દુ:ખી લાગતા હતા. ભાઈ અને ભાભી બાનું બરોબર ધ્યાન રાખતા નથી.' હજુ તો પતિ આગળ કંઈ બોલે એ પહેલાં જ પત્ની એ વચ્ચેથી વાત કાપતાં કહ્યું, 'ભાઈ કે ભાભી બાનું ધ્યાન ન રાખતા હોય તો એમાં આપણે શું કરવાનું?'

પતિએ હળવેકથી કહ્યું, 'હું વિચારું છું કે બાને આપણા ઘરે લઈ આવું. આ ઉંમરે આવી રીતે હેરાન થાય એ સારું ન લાગે. હું જીવતો હોઉં અને બાને તકલીફ પડે એ કેમ ચાલે ?'

પત્નીએ જરા ઊંચા અવાજે કહ્યું, 'તમને બાની તકલીફનો વિચાર છે અને મારી તકલીફનો કોઈ વિચાર નથી આવતો ? બા આવશે એટલે મારું કામ વધી જશે, મારી સ્વતંત્રતા છીનવાઈ જશે. મારે એમની સેવા કરતા રહેવું પડશે. એ બધુ મને ન પોસાય, માટે મહેરબાની કરીને આજ પછી આવી વાત કરતા જ નહીં. તમને બહુ એવું લાગતું હોય તો બા પાસે આંટો મારી આવજો પણ બા મારા આ ઘરમાં ના જોઈએ.'

બીજા દિવસે પત્ની કોઈ કામ માટે બહાર ગઈ એટલે પતિ બાને એમના ઘરે તેડી લાવ્યો. નીચેના રૂમમાં બા માટે રહેવાની વ્યવસ્થા કરી. પત્ની જયારે બહારથી ઘરે આવી ત્યારે એણે નીચેના રૂમનો કેટલોક સામાન બહારના હોલમાં પડેલો જોયો.

એણે પૂછ્યું, 'આ સામાન રૂમમાંથી કેમ બહાર કાઢ્યો ?'

પતિએ દબાતા અવાજે કહ્યું, 'મારાથી ન રહેવાયું એટલે હું બાને તેડી લાવ્યો છું અને નીચેના રૂમમાં બાનો સામાન મૂક્યો છે એટલે વધારાનો સામાન બહાર કાઢ્યો.'

લાગણીનો મેળો
રસિક વાળંદ

પતિની વાત સાંભળતાં જ પત્નીને ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. એ એમના પતિ પર રીતસર તાડુકી 'મને તમારી મા આ ઘરમાં એક દિવસ પણ ન જોઈએ. મહેરબાની કરીને એમને પાછા મૂકી આવો નહીંતર હું મારા પિયર મારી બા પાસે ચાલી જઈશ.'

નીચેના રૂમમાંથી અવાજ આવ્યો. 'બેટા, તારે મારી પાસે આવવાની જરૂર નથી. હું પોતે જ અહીંયા આવી ગઈ છું. જમાઈ એના બાને નહીં તારી બાને લાવ્યા છે કારણ કે એના ભાઈ-ભાભી નહીં તારા ભાઈ-ભાભી તારા બાને હેરાન કરતા હતા.'

પોતાની માનો અવાજ સાંભળીને પત્નીનો ગુસ્સો એક ક્ષણમાં અદૃશ્ય થઈ ગયો. દોડતી રૂમમાં ગઈ અને દરવાજો ખોલ્યો. પોતાની માને નજર સામે જોતા જ રડતા રડતા એ માને વળગી પડી.

પતિએ પત્નીને કહ્યું, 'તું તારી માને આટલો પ્રેમ કરે છે તો પછી મને મારી માને પ્રેમ કરવાનો કોઈ અધિકાર નથી ?' દરેક સ્ત્રી પોતાના મા-બાપને જેટલો પ્રેમ કરે છે એટલો જ પ્રેમ એમના સાસુ-સસરાને કરી શકે તો કોઈ દિવસ એના મા-બાપથી જુદા ન રહે.'

દીકરી તરીકે તમારા માતાપિતાને તમારા ભાઈ અને ભાભી સાચવે એવું ઈચ્છો છો તો પછી વહુ તરીકે સાસુ-સસરાને સાચવવામાં શું તકલીફ પડે છે ?!!

સ્પર્શમણિ
સંબંધ એટલે...
તમે ભૂલો છો તે નહિ... પણ માફ કરો છો તે છે.
સાંભળો છો તે નહિ... પણ સમજો છો તે છે.
જતું કરો છો તે નહિ... પણ જાળવી રાખો છે તે છે.

●●●

જરૂરી નથી કે બધું તોડવા માટે પથ્થર જ જોઈએ...
સૂર બદલીને બોલવાથી પણ ઘણું બધું તૂટી જાય છે.

●●●

જ્ઞાનથી 'શબ્દ' સમજાય અનુભવથી 'અર્થ.'

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949